A Govt. Recognised One Star Export House

# Vinny Overseas Limited

MFG. OF RAYON - COTTON - POLYESTER - FASHION WEAR OF FABRICS

B/h.. International Hotel, Narol-Isanpur Road, Narol, Ahmedabad-382 405. (Guj.) INDIA.
(M) 9328804500-6300-7400 E-mail : cfo@vinnyoverseas.in, vinnyoverseas@gmail.com, vinnyoverseas2001@yahoo.com
Web. : www.vinnyoverseas.in • CIN : L51909GJ1992PLC017742

**November 12, 2023**

To,
The Manager,
Listing & Compliance Department,
National Stock Exchange of India Limited
Exchange Plaza, 5th Floor, Plot No. C/1,
G Block, Bandra Kurla Complex, Bandra,
Mumbai – 400051

**Scrip ID: VINNY**

To,
Department of Corporate Services,
Bombay Stock Exchange Limited
Address: 25th Floor, P.J. Tower,
Dalal Street Fort,
Mumbai-400001

**Scrip Code: 543670**

Dear Sirs,

**Newspaper Advertisement – Financial Results for the quarter and half year ended 30th September 2023**

In terms of Regulation 47 to the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('Listing Regulations'), as amended from time to time, please find enclosed herewith the newspaper advertisement for the financial results of the Company for the quarter and half year ended 30th September 2023, published on 10th November 2023 in the following newspapers:

a) Financial Express

b) Ahmedabad Express

These are also being made available on the Company's website at www.vinnyoverseas.in

Thanking You,

Yours faithfully,

**For VINNY OVERSEAS LIMITED**

**Hiralal Parekh**

**(Managing Director)**

**DIN: 00257758**

શુભ લાભ

અમદાવાદ
# એક્સપ્રેસ

પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ લાવે એવી પ્રાર્થના

તમને અને તમારા સંપૂર્ણ પરિવાર અને સ્નેહીજનોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ 5




દેશમાં પૂરતા રોજગાર નિર્માણ માટે 8.50 ટકાનો આર્થિક વિકાસ...


12 NOVEMBER-2023 SUNDAY


ઉત્તર કોરિયા નાદારીની હાલતમાં! હથિયારોની ખરીદીએ વધારી...




પેજ 10



વર્ષ-13 । અંક-001 । વિક્રમ સંવત-2079 । આસો વદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## દિવાળી અને બેસતુ વર્ષ : જાણો નવા વર્ષે પેઢી ખોલવાનું મુહુર્ત કરવાનો સમય

હિંદુ પંચાગ અનુસાર, શ્રાવણ મહિનાથી સાથે જ તહેવારોની ફૂલગુલાબી સીઝન શરૂ થઈ જાય છે. આ તહેવારોની હારમાળામાં દિવાળી સૌથી શ્રેષ્ઠ તહેવાર ગણાય છે. કારતક મહિનાની અમાસના દિવસે ઉજવાતા પ્રકાશ પર્વ, દિવાળીનું અનેરૂ મહત્વ હોય છે. ગુજરાતવાસીઓ માટે તો દિવાળીનો અનેરો જ ઉત્સાહ હોય છે કારણ કે દેવ ઉઠી એકાદશી શરૂ થતું આ પર્વ સામાન્ય રીતે લાભ પાંચમે પૂર્ણ થાય છે. ત્યારે જાણો આ તહેવારોના શુભ મુહૂર્તો વિશે...

### દિવાળી-દીપાવલી (12-11-2023)

આસો વદ ચૌદશ તા. 12-11-2023 રવિવારના રોજ દિવાળી-દીપાવલીનું શુભ વર્ષ છે. લક્ષ્મીપૂજન-શારદાપૂજન માટે શ્રેષ્ઠ દિવસ છે. નરક ચતુર્દશી-રૂપ ચતુર્દશી પણ છે.

-: સમય :-

- સવારના ૮ ક. ૨૦ મિ. થી બપોરના ૧૨ ક. ૨૦ મિ. સુધી
- બપોરના ૧ ક. ૩૦ મિ.થી ૨ ક. ૪૫ મિ. સુધી

-: સ્વાતિયુક્ત અમાવસ્યા :-

- બપોરના ૨ ક. ૪૫ મિ. થી ૩ ક. ૧૦ મિ. સુધી
- સાંજના ૫ ક. ૫૮ મિ. થી ૧૦ ક. ૪૫ મિ. સુધી
- રાતના ૧૨ ક. ૪૦ મિ.થી ૨ ક. ૪૫ મિ. સુધી

### બેસતુ વર્ષ : વિક્રમ સંવત- 2081 (14-11-2023)

વિક્રમ સંવત 2080નો પ્રારંભ કારતક સુદ એકમ તા. 17-11-2023 મંગળવાર ના રોજ થાય છે. બેસતુ વર્ષ, નૂતન વર્ષ છે.
પરંપરાગત પ્રણાલિ પ્રમાણે બેસતા વર્ષે મુહુર્ત કરનારે નવા વર્ષનું મુહુર્ત કરવું.

-: નવા વર્ષે પેઢી ખોલવાનું-મુહુર્ત કરવાનો સમય :-

- સવારના ૯ ક. ૪૦ મિ. થી બપોરના ૧ ક. ૪૫ મિ. સુધી.
- ભાઈબીજ, યમ દ્વિતિયા, ગોવર્ધન પૂજા, (15-11-2023)

## દિપોત્સવ પર 22 લાખ દીવડાઓથી ઝગમગી ઉઠી રામનગરી અયોધ્યા



ભગવાન શ્રીરામની નગરી અયોધ્યામાં આજે એટલે કે દિપોત્સવી પર્વને ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવશે . 7મા દીપોત્સવ પર સરયુ નદીના કિનારે 51 ઘાટ પર 24 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા. 22 લાખ 23 હજાર દીવા પ્રગટાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. મહર્ષિ વાલ્મીકિની રામની કથા હોલોગ્રાફિક લાઈટ દ્વારા બતાવવામાં આવી. લેસર શો બાદ 23 મિનિટ સુધી આતશબાજી કરવામાં આવી. 84 લાખની કિંમતના ગ્રીન ફટાકડા દ્વારા આતશબાજી કરવામાં આવી.

### ઘરે બેઠા 'હોલી અયોધ્યા' નામની એપ પર દિવો પ્રગટાવી શકો છો

તમને જણાવી દઈએ કે, વર્ષ 2014માં અયોધ્યામાં દિપોત્સવ મનાવવામાં આવ્યો હતો અને આ દિપોત્સવમાં તમે ઘરે બેઠા 'હોલી અયોધ્યા' નામની એપ પર તમારા નામનો દિવો પ્રગટાવી શકે છે. તમે 101 રુપિયામાં એક દિવો, જ્યારે 251 રુપિયામાં 11 દિવા અને 501 રુપિયામાં 21 દિવા પ્રગટાવી શકો છો. આ સાથે તમે ઘરે બેઠા લાઈવ સ્ટ્રીમિંગ (Ayodhya Deepotsav 2023 Live Streaming) દ્વારા અયોધ્યા દિપોત્સવનો ભવ્ય કાર્યક્રમ જોઈ શકો છો.

### દિવાળીના સમયે સરકારે કર્મચારીઓ માટે રાજ્યની તિજોરી ખુલ્લી મૂકી દીધી

# મોંઘવારી ભથ્થાને લઈને સરકારે કરી જાહેરાત

## ગુજરાત સરકારની જેલના કર્મચારીઓને દિવાળી ગિફ્ટ, ભથ્થામાં કર્યો વધારો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગૃહ રાજ્યમંત્રી હર્ષસંઘવી એ જણાવ્યું છે કે, કર્મચારીઓના હિતને વરેલી રાજ્ય સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જેલ પરિવારના સિપાઈ, હવાલદાર અને સુબેદાર જેવા કર્મચારીઓના ભથ્થામાં નોધપાત્ર વધારો કરીને તેમના ઘરે દિવાળી પર્વમાં આનંદનો આવકાર થાય તેવો નિર્ણય કર્યો છે. વર્ગ-૩ના કર્મચારીઓ માટે તા.૨૯.૦૮.૨૦૨૨ થી મંજૂર થયેલ ભથ્થા અનુસાર તેજ ધોરણે તે જ તારીખ થી આ લાભ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જાહેર સુરક્ષા પ્રોત્સાહન ભથ્થામાં રાજ્ય સરકારે જે વધારો કર્યો છે તેમાં જેલ સહાયકને અગાઉ અપાતું નહોતું તે હવે રૂ.૩૫૦૦, સિપાઈ વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૪૦૦૦, હવાલદાર વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૪૫૦૦, સુબેદાર વર્ગને અગાઉ રૂપિયા ૬૦ અપાતું હતું તેના બદલે હવે રૂ.૫૦૦૦ સુરક્ષા પ્રોત્સાહન ભથ્થું અપાશે.



### ગૃહ રાજ્યમંત્રી એ કરી જાહેરાત

ગૃહ રાજ્યમંત્રી દ્વારા કરાયેલી જાહેરાત અનુસાર હવેથી જેલ સહાયકને 3500, જેલ સિપાહી માટે 4000, હવલદારને 4500 અને સુબેદારને 5000 રૂપિયાનું જાહેર સુરક્ષા પ્રોત્સાહન ભથ્થું આપવાની મોટી જાહેરાત કરાઈ છે. જ્યારે ફિક્સ પગારનાં જેલ સહાયકોને રૂપિયા 150 લેખે જાહેર રજાના દિવસે ચૂકવાતા વળતરમાં વધારો કરીને 665 રૂપિયા રજા પગાર કરી દેવામાં આવ્યો છે.

### અગાઉ પણ સરકારે કરી હતી મોટી જાહેરાતો

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ ક્લાસ-4ના કામદારો માટે બોનસની જાહેરાત કરાઈ હતી. ત્યારપછી ફીક્સ પે વાળા કર્મીઓને પણ સીધો જ 30 ટકાનો વધારો આપી દેવામાં આવ્યો હતો જેનાથી મોટાભાગના કર્મચારીઓને ફાયદો મળ્યો હતો.

### ગુજરાત સરકારના કર્મચારીઓ માટે આ દિવાળી બંપર ગિફ્ટ સાબિત થશે

આ મામલે બોર્ડ, નિગમ કે કંપનીની આર્થિક સ્થિતિને પણ ધ્યાને લઈને નિર્ણય કરવામાં આવશે. કોઈ પણ બોર્ડ, સરકારી નિગમ, જાહેર સાહસ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે નગરપાલિકા અને મહાનગરપાલિકા પણ પોતાની રીતે સ્વતંત્ર નિર્ણય કરવા માટે સક્ષમ હશે. આમ કર્મચારીને ભથ્થું જે તે સંસ્થાની ગણતરી પ્રમાણે જ ચૂકવાશે. આમ જે પણ નગરપાલિકા કે નિગમમાં જેટલી સભ્ય સંખ્યા હોય અને સાથે જ જે-તે બોર્ડની જેવી આર્થિક પરિસ્થિતિ હશે તેના આધારે મોંઘવારી ભથ્થાની ગણતરી કરીને તેને ચૂકવવામાં આવશે.

## સિસોદિયા 5 મહિના પછી જેલમાંથી ઘરે પરત ફર્યા

### બીમાર પત્નીને મળવા કોર્ટે 6 કલાકનો સમય આપ્યો, AAP નેતાઓને મળવાની ચોખ્ખી ના...

નવી દિલ્હી, તા. 11

દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા શનિવારે (11 નવેમ્બર) સવારે 10 વાગ્યે તેમની બીમાર પત્ની સીમાને મળવા ઘરે પહોંચ્યા હતા. તેઓ સાંજે 4 વાગ્યા સુધી રોકાશે. આ પછી તેમણે પાછા તિહાર જેલમાં જવું પડશે. સિસોદિયાએ 9 નવેમ્બરના રોજ રાઉઝ એવન્યુ કોર્ટમાં અરજી કરી હતી, જેમાં તેમણે બીમાર પત્નીને મળવા માટે 5 દિવસનો સમય માંગ્યો હતો. કોર્ટે તેમને માત્ર એક દિવસ માટે તેમની પત્ની સીમાને મળવાની મંજૂરી આપી હતી.



### સીમા સિસોદિયા મલ્ટિપલ સ્ક્લેરોસિસથી પીડિત છે

મનીષ સિસોદિયાની પત્ની સીમા સિસોદિયા મલ્ટિપલ સ્ક્લેરોસિસ નામની બીમારીથી પીડિત છે. મલ્ટીપલ સ્ક્લેરોસિસ એ ન્યુરોલોજીકલ રોગ છે. જેમાં મગજના જ્ઞાનતંતુઓનું આવરણ કોઈ કારણસર દૂર થઈ જાય છે. તે સેન્ટ્રલ નર્વસ સિસ્ટમને અસર કરે છે. જેના કારણે અનેક પ્રકારની સમસ્યાઓ ઉભી થવા લાગે છે. ઘણી વખત શરીરના અંગો સુન્ન થઈ જાય છે અથવા એકબીજા સાથે સંકલન કરવામાં અસમર્થ હોય છે.


### જૂનમાં ઘરે પહોંચ્યો ત્યારે મારી પત્ની હોસ્પિટલમાં હતી

જૂનમાં જ્યારે સિસોદિયાને તેની પત્નીને મળવાની પરવાનગી મળી ત્યારે તે તેને મળી શક્યો ન હતો. સિસોદિયા ઘરે પહોંચે તે પહેલા જ તેમની પત્નીની તબિયત બગડી ગઈ હતી, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કોર્ટે તેને હોસ્પિટલમાં જવાની પરવાનગી આપી ન હતી. જેના કારણે જામીન મળવા છતાં સિસોદિયા પોતાની પત્નીને મળી શક્યા ન હતા અને 7 કલાક બાદ તિહાર જેલમાં પરત ફર્યા હતા.

## જમ્મુ-કાશ્મીરના પ્રસિદ્ધ દાલ સરોવરમાં પાંચ હાઉસબોટમાં લાગી ભીષણ આગ, 3નાં મોત

જમ્મુ, તા. 11

જમ્મુ-કાશ્મીરના લોકપ્રિય પર્યટન કેન્દ્ર દાલ સરોવરમાં ચાલતી હાઉસબોટમાં શનિવારે ભીષણ આગની ઘટના બની. આ ઘટનામાં ત્રણ સહેલાણીઓના મોતના અહેવાલ મળી રહ્યા છે. આગને કારણે કરોડો રૂપિયાની સંપત્તિ પણ બળીને રાખ થઈ ગઈ હતી. ત્રણ મૃતદેહોને કબજે લેવાયા છે. અધિકારીઓએ કહ્યું કે 9 નંબરના ઘાટ નજીક બળી ગયેલી હાલતમાં ત્રણ શબ મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ એક પુરુષ અને એક



મહિલા તરીકે થઈ હતી. જોકે ત્રીજાની અત્યાર સુધી કોઈ જાણકારી મળી નથી. આગની લપેટમાં લગભગ પાંચ હાઉસબોટ અને પાંચ ઝુંપડા આવી ગયા હતા.

## 'અમે કેન્દ્રમાં સત્તામાં આવીશું તો અગ્નિવીર યોજના બંધ કરી દઈશું' : અખિલેશ યાદવ

લખનૌ, તા. 11

અખિલેશે મોટો દાવો કર્યો હતો કે 15 લાખ કરોડના કોર્પોરેટ ફ્રોડની ભરપાઈ કરવા માટે નોટબંધી લાવવામાં આવી હતી. અખિલેશ યાદવે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે, જો કેન્દ્રમાં INDIA ગઠબંધનની સરકાર બનશે તો સૌથી પહેલાં અગ્નિવીર યોજના બંધ કરવામાં આવશે. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી



પાર્ટીના વડા અખિલેશ યાદવે શનિવારે પત્રકારો સાથે વાત કરતા આ મોટો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે જો INDIA ગઠબંધન સરકાર બનશે તો તેઓ સૌથી પહેલા અગ્નિવીર યોજના પર તાળાબંધી કરવામાં આવશે. એટલું જ નહીં, તેમણે એવો પણ દાવો કર્યો કે સમાજવાદી પાર્ટી તેને તેમના 2024ના ઘોષણાપત્રમાં એક વાયદા તરીકે પણ સામેલ કરશે.

**સોન્ગમાં મોદી દેખાયા** સિંગરની વિનંતી પર PMએ પોતે ગીતની સ્પીચ લખી અને વાંચી

## એબંડન્સ ઈન મિલેટ્સ સોન્ગ ગ્રેમી માટે નોમિનેટ કરાયું

નવી દિલ્હી, તા. 11

બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ કેટેગરીમાં 'એબંડન્સ ઈન મિલેટ્સ' સોન્ગને ગ્રેમી એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યું છે. આ સોન્ગમાં પીએમ મોદી જોવા મળશે. સિંગર ફાલ્ગુની શાહ અને ગૌરવ શાહે તેને ગાયું છે. સિંગર ફાલ્ગુનીના કહેવા પર PM મોદીએ આ સોન્ગમાં એક સ્પીચ આપી,, જે તેમણે પોતે લખી હતી. આ પ્રથમ વખત છે જ્યારે કોઈ રાજનેતાને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ગ્રેમી નોમિનેશનમાં સ્થાન મળ્યું છે. આ ગીતમાંમિલેટ્સ ફુડ એટલે કે બાજરીની ખેતી અને અનાજ તરીકે તેની ઉપયોગીતા વિશે વાત કરવામાં આવી છે.




**આ સોન્ગ 16 જૂને રિલીઝ થયું હતું :** એબંડન્સ ઈન મિલેટ્સ સોન્ગ 16 જૂને રિલીઝ થયું હતું. ફાલ્ગુનીએ કહ્યું હતું કે આ સોન્ગ ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સની ઉજવણી માટે કંપોઝ કરવામાં આવ્યું છે. તેમજ ખેડૂતોને બાજરી ઉગાડવાનો સંદેશ આપવામાં આવ્યો છે, જેથી કરીને દુનિયામાંથી ભૂખમરાને ખતમ કરી શકાય. ખરેખરમાં, સંયુક્ત રાષ્ટ્રએ 2023ને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ તરીકે જાહેર કર્યું છે.

**આ મ્યુઝિક કેટેગરીમાં 7 સોન્ગને નોમિનેશન મળ્યું છે :** ગ્રેમી 2024ની નોમિનેશન લિસ્ટમાં સાત સોન્ગને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ' કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યા છે. જેમાં અરુજ આફતાબ, વિજય અય્યર અને શહેઝાદ ઈસ્માઈલીના 'શેડો ફોર્સિસ' 'અલોન' માટે બર્ના બોય, ડેવિડો કો 'ફીલ', સિલ્વાના એસ્ટ્રાડાને 'મિલાગ્રો વાય ડિસાસ્ટ્રે', બેલા ફ્લેક, એડગર મેયર અને ઝાકિર હુસૈન ફીટ, રાકેશ ચૌરસિયાને 'પશ્તો' માટે.

### પીએમ મોદીના આઈડિયા પર બનેલું સોન્ગ

ફાલ્ગુની શાહ એટલે કે ફાલુને 2022માં ગ્રેમી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેને 'એ કલરફુલ વર્લ્ડ' માટે બેસ્ટ ચિલ્ડ્રન મ્યુઝિક આલ્બમ કેટેગરીમાં આ એવોર્ડ મળ્યો હતો. એવોર્ડ મેળવ્યા બાદ તે દિલ્હીમાં વડાપ્રધાનને મળવા આવી હતી. જ્યાં પીએમએ પોતે મિલેટ્સ પર સોન્ગ લખવાનું કહ્યું હતું. ફાલ્ગુની કહે છે કે પીએમ મોદીએ તેમને કહ્યું હતું કે હું ઈચ્છું છું કે તમે મિલેટ્સ પર સોન્ગ લખો. તમે એક ગ્લોબલ સંગીતકાર છો. તેથી આ ગીત એવા ખેડૂતો સુધી પહોંચશે જેઓ નાના ગામડાઓમાં મિલેટ્સ વાવે છે. ઓછા વરસાદવાળા વિસ્તારોમાં નાના ખેડૂતોને ફાયદો થશે. અનાજની નિકાસ પણ કરી શકાય છે.

## પુરષોત્તમ એક્સપ્રેસ પર હાયટેન્શન વાયર તૂટીને પડયો, 1 મજૂરનું મોત

નવી દિલ્હી, તા. 11

હાવડા-દિલ્હી ગ્રાન્ડ કોડ લાઈન પર કોડરમા સ્ટેશનથી લગભગ 20 કિમી દૂર પરસાબાદ રેલ્વે સ્ટેશન નજીક રેલવેનો ઓવરહેડ વાયર તૂટવાને ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન ટ્રેક પર કામ કરતા મજૂરનું મોત થયું છે. ઉપરાંત આ ઘટનામાં અન્ય એક મજૂર અને 4 મુસાફરને ગંભીર ઈજા થઈ છે. આ ઘટના આજે બપોરે 12 વાગ્યા આસપાસ બની હતી. ઘટના સમયે, 12801 પુરી-નવી દિલ્હી પુરૂષોત્તમ એક્સપ્રેસ લગભગ 130 કિમી પ્રતિ કલાકની ઝડપે અપ લાઈન પરથી પસાર થઈ રહી હતી. ઓવરહેડ હાઈ ટેન્શન વાયર ટ્રેન પર પડતાં ટ્રેનમાં જોરથી અવાજ આવ્યો હતો, જેના કારણે ટ્રેનની અંદર મુસાફરોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો.

### મધ્યપ્રદેશમાં ભાજપે ચૂંટણી ઢંઢેરામાં કર્યા મસમોટા વાયદા

## છોકરીઓને ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણ' સાથે કર્યા 20 મોટા વાયદા



ભોપાલ, તા. 11

છોકરીઓને ગ્રેજ્યુએશન સુધી મફત અભ્યાસ સહિત 20 વાયદા તેમાં સામેલ કરાયા છે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો. પાર્ટીએ તેને સંકલ્પ પત્ર નામ આપ્યું હતું. છોકરીઓને ગ્રેજ્યુએશન સુધી મફત અભ્યાસ સહિત 20 વાયદા તેમાં સામેલ કરાયા છે. આ ઉપરાંત એસટી બ્લોકમાં મેડિકલ કોલેજ, 12મા સુધી મફત શિક્ષણ, આઈટીઆઈનો વાયદો.એઈમ્સના આધારે મધ્યપ્રદેશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ ડેવલપ કરાશે. ગરીબ કલ્યાણ અન્ય યોજના હેઠળ ચોખા-ઘઉં અને દાળ તો આપીએ છીએ પણ તેની સાથે સરસવનો તેલ અને ખાંડ પણ અપાશે. આ સાથે ભાજપે પ્રજાને વિંધ્ય અક્સપ્રેસ વે, નર્મદા એક્સપ્રેસ વે, બુંદેલખંડ એક્સપ્રેસ વે અને મધ્ય ભારત વિકાસ એક્સપ્રેસ વેનો પણ વાયદો કર્યો હતો.

### શું કહ્યું ભાજપ અધ્યક્ષ નડ્ડાએ?

ચૂંટણીપત્ર જાહેર કરતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કહ્યું કે રાજ્યનું બજેટ 14 ગણું વધી ગયું છે. કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન 19 ગણુ વધ્યું છે. અમે પ્રદર્શનની રાજનીતિ માટે પ્રતિબદ્ધ છીએ. અમે સુનિશ્ચિત કર્યું છે કે લોકોને લાભ મળે, જમીની સ્તરે પહોંચે, અમે અમારા વાયદા પૂરાં કર્યા.

